ૐ શ્રી

કુટીલ રાજનીતિ

: લેખક :

પ્રૉફેસર ગજેન્દ્રશંકર લાલશંકર પંડ્યા.

એમ. એ., બી. ટી.

: પ્રકાશક :

બાપુલાલ બી. નાયક.

માલિક-મુંબઇ ગુજરાતી નાટક મંડળી.

ભારતભુવન થીએટર-અમદાવાદ

આવૃત્તિ ૨ જી] [પ્રત ૩૦૦૦

આ ચોપડી જૈન એડવોકેટ પ્રીંટીંગ પ્રેસમાં વાડીલાલ બાપુલાલ શાહે છાપી. ઠે. ઘીકાંટા-અમદાવાદ.

સંવત્ ૧૯૮૭ ઈ. સ. ૧૯૩૧

મૂલ્ય રૂા. ૦-૪-૦

પાત્ર પરિચય.

પુરૂષ પાત્ર.

છત્રપતિ શિવાજી—મહારાષ્ટ્રના મહારાજા.

સંભાજી—તેમનો મોટો પુત્ર.

રાજારામ—સંભાજીનો સાવકો ભાઈ.

રઘુનાથપંત—કર્ણાટકનો સુબો.

જનાર્દનપંત—પ્રધાન.

નાનાજી
માનાજી
સુર્યાજી
હીરોજી } —સોયરાબાઈના જાસુસ.

મનોરંજન—ગુજરાતનો વૈદ્ય

સુદર્શન—તેનો નોકર.

રામજી
દેવજી } —વૈદ્યના માણસો. વિજળીના આશક.

સૈનિકો, દરબારીઓ વગેરે.

સ્ત્રી પાત્ર.

સોયરાબાઇ-શિવાજીનાં રાણી-રાજારામની મા.

યેસુબાઇ-સંભાજીની પત્ની.

તારા-રાજારામની પ્રિયતમા.

વિજળી-વૈદ્યની દીકરી.

વસુમતિ-વેશ્યા.

કપિલા-દાસી.

દાસીઓ, વારાંગનાઓ વગેરે.

કુટીલ રાજનીતિ

અંક ૧ લો.

મંગળાચરણ ને વસ્તુસૂચન.

દશ્ય ૧ લું—સોયરાબાઇનું દિવાનખાનું.

સંભાજીરાવની સાવકી માતા સોયરાબાઇની ઉંડી ખટપટ. સંભાજીરાવનો જીવ લેવાની યુક્તિ. નાનાજી એ યુક્તિ નિષ્ફળ નીવડી છે એવા ખબર લાવે છે. સોયરાબાઈ નાનાજીને આવેશમાં મારી નાખે છે. દરમ્યાન કર્ણાટકનો સુબો રઘુનાથપંત આવે છે. રઘુનાથ સોયરાબાઇની યુક્તિ પોતે સમજી ગયો છે એવું જાહેર કરે છે. સોયરાબાઈ રઘુનાથને પોતાના પક્ષમાં લેવાની યુક્તિમાં ફાવતી નથી. રઘુનાથ સંભાજીનો પક્ષ કરવાનો નિશ્ચય બતાવે છે. સોયરાબાઈ ઉશ્કેરાય છે.

દશ્ય ૨ જું—સંભાજીરાવનો આવાસ.

યેસુબાઈ પોતાના પતિ સંભાજીની વાટ જુએ છે. એવામાં ખટપટી સંભાજી પન્હાળગઢથી દિલેરખાન પાસેથી આવે છે ને છુપી મસલત કરે છે. યેસુની આ ખટપટથી દિલગીરી. જાસુસ ગયા પછી પોતે જાહેર થાય છે.

સંભાજીનો ચેસુ પર વહેમ કે એની ખટપટ એણે સાંભળી છે. ચેસુ સર્વ વાત ગુપ્ત રાખવા સંભાજીરાવને વચન આપે છે.

દૃશ્ય ૩ જું—ઉદ્યાન.

રાજારામ તથા તારાબાઇનો મેળાપ. પ્રેમના હૃદય પટે લખાયલા અણઉકેલ્યા ભાવોનો ઉકેલ.

દૃશ્ય ૪ થું—રાજારામના મહેલનો પાછલો ભાગ.

ચેસુ પર સંભાજીને વહેમ આવે અને રઘુનાથ એ વહેમનો ભોગ થઈ પડે એવી સોયરાબાઇએ યુક્તિ કરવી. ચેસુબાઇનું ચતુર્થીના ચંદ્રનું વ્રત. રઘુનાથ એ દરમ્યાન સોયરાબાઈની ખટપટથી ચેતતા રહેવાનું ચેસુ-બાઇને કહેવા આવે છે. બંનેનો અચાનક મેળાપ. એવામાં ચેસુ પર વહેમાતા સંભાજીએ ત્યાં આવવું; બન્નેને એકાંતમાં વાત કરતાં જોઈ વહેમાવું. રઘુનાથ તથા ચેસુએ સ્પષ્ટ વાતો કહેવી. સંભાજીનો વધતો ક્રોધ, અને રઘુનાથ પર ઘા કરવા જવું. સોયરાબાઈની યુક્તિ પ્રમાણે સૈનિકોએ સંભાજીને ખૂની હુમલાના આરોપસર શિવાજી મહારાજ પાસે લઈ જવો.

દૃશ્ય ૫ મું—વૈદ્યનું દવાખાનું.

રાજવૈદ્યના શિષ્ય વૈદ્ય મનોરંજનને ત્યાં સુદર્શન નોકરીએ રહે છે. મનોરંજનની પુત્રી વિજળીનો સુદર્શન સાથે મેળાપ. એનાં લગ્ન થાય તો પટારાની ચાવી કોણ રાખે એની ચર્ચા. પટારાની ચાવીની મહત્તા.

દૃશ્ય ૬ હું—શિવાજીનો ખાનગી દરબાર.

સંભાજીના ગુન્હાનો ન્યાય. સંભાજીને નજરકેદની શિક્ષા રઘુનાથે સોયરાબાઈની ખટપટ ખુલ્લી કરવી. યેસુબાઈની સાક્ષી. સોયરાબાઈની દાસીની સાક્ષીના પુરાવા. શિવાજી સોયરાબાઇને ફિટકાર આપે છે. આવેશમાં આવી સોયરાબાઈ દાસીનું ખૂન કરવા જાય છે. રઘુનાથ અટકાવે છે. શિવાજીનો ક્રોધ. સોયરાબાઈની મૂર્છા.

ટેબ્લો.

અંક ૨ જો.

દૃશ્ય ૧ લું—શિવાજીનો આવાસ.

શિવાજીની માંદગી. સોયરાબાઈ રાજારામને રાજ્ય ગાદી આપવા માટે શિવાજી પર દવાનો પ્રયોગ અજમાવી એને અશક્ત રાખવાની યોજના ઘડે છે. યેસુબાઈ આવે છે અને શિવાજીને ઝેર અપાય છે એવો એને વહેમ પડે છે. સોયરાબાઈ દવાની પડીકીમાંથી દવા તૈયાર કરે છે. શિવાજીને પાવા તત્પર બને છે. યેસુ અટકાવે છે, અને બેની તકરાર થાય છે. સોયરાબાઇએ ભૂલમાં ઝહેરની પડીકી લીધી હતી અને અશક્ત કરવાની એ દવા નહોતી એવું દેખાય છે. યેસુબાઈની માન્યતા મક્કમ થાય છે. ક્રોધમાં ભાન ભૂલી એ વાત મોટેથી બોલી દે છે. શિવાજી સાંભળી જાય છે અને ઉશ્કેરાય છે. સોયરાબાઈનો તિરસ્કાર અને ઉશ્કેરાટમાં શિવાજીનું મૃત્યુ.

દૃશ્ય ૨ જું—સોયરાબાઇનો મહેલ.

સંભાજીને મારી નાખવા સોયરાબાઇએ વિષકન્યાને મોકલવી. યેસુબાઇને ખબર. રઘુનાથની સહાય માગવી. રાજ્યની લગામ હાથમાં લઈ સંભાજીને રખડાવવાની સોયરાબાઈની ખટપટ. યેસુબાઇને નજરકેદ રાખવાની ધમાલ. પ્રધાનોની મસલત. રઘુનાથને પણ કેદ કરવાનો સોયરાબાઇનો ઈરાદો. પ્રધાનમંડળની સહાયથી રઘુનાથે નગરબહાર જવું. છેવટનો યેસુબાઇનો પતિને સંદેશો.

દૃશ્ય ૩ જું—વૈદ્યનું ઘર.

વિજળી અને સુદર્શનની અક્કલની હરીફાઈ. વિજળીએ મારવાડણના વેશમાં આવી સુદર્શનને ગભરાવી લગ્નની ફારગતી પર સહી કરાવવી. પછી મારવાડ અને ગુજરાત દેશની સરસાસરસી !

દૃશ્ય ૪ થું—પન્હાળગઢમાં સંભાજીનો આવાસ.

સંભાજી પાસે વિષકન્યાનું નૃત્ય. વિષકન્યાનો પ્રયોગ. એવામાં રઘુનાથે આવી સંભાજીની આંખો ખોલવી. વિરોધી સરદારોને પક્ષમાં લઈ રાજ્યની લગામ હાથ કરવા જવું.

દૃશ્ય ૫ મું—ઉદ્યાન.

રાજારામ તથા તારાબાઇની યેસુબાઈ માટે શોધ.

દૃશ્ય ૬ ઠું—સોયરાબાઇનો મહેલ.

યેસુ સંભાજીરાવની ચિંતામાં. યેસુબાઇ ઉપર સોયરાબાઈનો જુલમ. રાજારામે ભાભીનો પક્ષ લેવો. મા દીકરાની તકરાર. એવામાં સંભાજીરાવ તથા રઘુનાથે આવી સોયરાબાઇને કેદ કરવી.

અંક ૩ જો.

દૃશ્ય ૧ લું—સંભાજીનો મહેલ.

કલુશાની સંગતમાં સંભાજી વધુ બગડે છે. સોયરાબાઈના પક્ષનાં માણસો તથા સરદારોનાં ખૂન કરવા હુકમ કરે છે. પોતાની તરફ બેદરકાર રહેતા સંભાજી પાસે યેસુબાઈ આવે છે અને સંભાજીનું હૃદય પોતાની તરફ વાળે છે. કલુશાનાં કૃત્યોની ખબર. સોયરાબાઇનું દુઃખ સાંભળી તેને કંઈ શાન્તિ આપવાના હેતુથી યેસુબાઈ દયાભાવે પ્રેરાઇને કેદખાનામાં જાય છે.

દૃશ્ય ૨ જું—ઉદ્યાન.

તારાનું પ્રેમનું તોફાન. રાજારામને યેસુનો સંદેશો. માતાની ખબર કાઢવા જવું.

દૃશ્ય ૩ જું—કેદખાનું.

કેદખાનામાં સોયરાબાઈના ભૂખે વીતતા દિવસો. યેસુબાઈ આવી પાણી પાવા જાય છે. સોયરાબાઇનો ક્રોધ દુષ્ટાનો દુષ્ટ સ્વભાવ. રાજારામે આવી માતાની દયા ખાવી. સોયરાબાઈ હવે તેને પણ તિરસ્કારે છે. સંભાજીરાવ આવે છે. સંભાજીનો તિરસ્કાર કરતી સોયરાબાઈ મરે છે. એવામાં રામદાસ સ્વામીના મૃત્યુના સમાચાર. સ્વામીનો સંદેશો લઇને રઘુનાથ આવ્યો છે એવી ખબર. રાજારામને માતાની ઉત્તરક્રિયા કરવાનું ફરમાન કરી સંભાજીરાવ જાય છે.

દૃશ્ય ૪ થું—વૈદ્યનું ઘર.

વિજળીની કારીગરી. પટારાની ચાવી રાખવાની આવડત. સુદર્શન બુદ્ધિના ખેલમાં હારે છે. છેવટે બંનેના લગ્ન અને પ્રેમકથા લખવાનો આરંભ.

દૃશ્ય ૫ મું—દરબાર.

રામદાસ સ્વામીનો સંદેશો. સંભાજીનાં અપકૃત્યો માટે રઘુનાથે ઠપકો આપવો. સંભાજીએ એ ઠપકાની અવગણના કરવી. દૈવી ચમત્કાર. રામદાસ સ્વામીની પાદુકાનો પ્રભાવ. રામદાસ સ્વામીનું દર્શન. સ્વામીનો છેવટનો બોધ. રઘુનાથનું આશીર્વચન.

કુટીલ રાજનીતિ.

મંગલાચરણ.

બાળાઓ--   ૧

પ્રણમું પરમ પ્રભુને પાય,
ગુણિજન ગુણ સગુણ ગાય.
પ્રગુણિત પળપળ પ્રભુપદ,
ત્રિભુવન ત્રિકમ ક્રમ તાત.—પ્રણમું.
જ્યમ દીપ પ્રભા ફેલાય,
ગહન તિમીર દૂર પળાય,
દેવ ચરણે શરણે તેમ,
મલિન હૃદય વિમલ થાય--પ્રણમું.

બાળાઓ—   ૨

કૈંક કથનીઓ રાજની, કૈંક ઘટનાની બની—કૈંક.
મૂરખ હલકા જે હોય નર તે અધિકારી થઈ ફરે છે,
કંઇ પાપ કર્મ કરીને વાત સાધે સ્વાર્થની—કૈંક.
રાજ્યસુખ કાજે ઝેર આપે નિજ સ્વામી પત્ની ભૂલે,
સૂત માત તાત નહિ ગણતાં વાત એવી લોભની—કૈંક.

યેસુબાઇ— ૩

ધન્ય જીવન ઘડી પ્રીતમ મુજ આવે,
અજબ જ્યોત જળે આ મુજ અંતરમાં—ધન્ય.
પલપલ નયન નયનને શોધે,
એક તાર થવા ગુંજનમાં—ધન્ય.

યેસુબાઇ— ૪

જો સ્વામી વચન ગયું તો કહોને શું રહ્યું ?
વચનના દોરે જીવન ગુંથાયાં સહુ,
રહી શી મજા જો વચન ગયું—જો.
પ્રભુની કૃપાનાં ભરાયાં તળાવો કંઇ,
નહીં એ પીવાનાં જો વચન ગયું—જો.

તારા— ૫

મુજ હૃદય પટે સખી લેખ લખાયા,
કોણ કહો એ ઉકેલી શકે ?
અંતર દીપક જ્યોત જળે તોય,
ભેદ ન એહ ઉકેલી શકે—સખી.
શંકર જો અહીં ભાષ્ય કરે તોય,
ભાષ્ય તણી જ્યોત ઝાંખી ઠરે,
મુજ અંતર એમ ગુંચાઇ રહે,
સખી કોણ એ ભેદ ઉકેલી શકે ?—સખી.

સ્નેહીને સ્નેહી એકાંત મળે,
વળી જાદુભરી એક દૃષ્ટિ પડે,
તવ ભાવ ભર્યાં કંઇ અર્થ જડે,
સખી એમ એ ભેદ ઉકેલી શકે—સખી.

સખીઓ— ૬

લખનારા તો લખી ગયા ને વાંચનાર વાંચે.
વન વન શાને પુષ્પ ખીલે છે ભેદ ઉકેલી જાણે.
વાદળમાં કાં વિજળી ચમકે લેખ એ વાંચી જાણે
હૃદય તણા ઉંડાણે જાવું વિકટ નથી એ એને,
કેમ છુપાયાં રત્નો લેવાં એ વિદ્યા એ જાણે.

સખીઓ— ૭

યોવનની અટારીએ બેસી શું જોયું ? કહેને બેનડી !
આંખના પલકારે શા શા ભાવો ગુંથાયા અંતરના ?—કહેને.
હૈયાં એ ઉછળ્યાં તે શાનાં ? નેન સિતારા ચમક્યા શાના ?
સંદેશા આજ શા તેં દીધા અણબોલ્યા અણમોલા ?—કહેને.

સોયરાબાઇ—

વ્હાલાં વેરી થાય છે એને તે શાં લાડ !
સ્ત્રી જાતિ નથી કોઈની ગુણીજન આંખ ઉઘાડ.

+ + + +

વેરી તારા છે ઘણા યેસુ પણ છે એક,
સીતાનો પતિ આવશે ત્યાં જોજે એનો ટેક.

\+ + + +

માતા તારી સાવકી એનો એ છે દૂત,
પ્રેમી એ ભેગાં મળી કરશે તારૂં ખૂન.

વિજળી— ૮

મને આવે સ્નેહીનાં સોણલાં રે
હું તો ઘેલી બની ગઇ રાતમાં.
મને આવે ન સ્હેજે નિંદડી રે
હું તો પુરી મુંઝાઇ મારા ચિત્તમાં—મને.
શાણી સહીયર કહે જાને બાઈ વાટમાં,
આવી ઉભો એક છેલડો.
દોડી ગઇ અને જોયું મેં જ્યારે બાઈ,
દીઠો દાઢીવાળો બોકડો—મને.

વિજળી— ૯

મારી કેડને શોભાવે સૌનાં દીલ એ ડોલાવે
એવી મારી પટારાની ચાવી.
ચૌટે જાતાં લોક બોલાવે આ શેઠાણી ક્યાં ચાલ્યાં ?
ચાવી દેખી ચકચક થાતી મનડામાં મુંઝાતા—એવી.

સુદર્શન—લટકે મટકે ચૌટે જાતાં ચાવી જ્યારે ખોવાશે,
દીવેલ પીધા સરખું મોઢું લોકોને દેખાશે
એવી તારી પટારાની ચાવી.

નાચનારી—　　　૧૦

મહી વેચવાં છે આજ મારી ગોરસી છલકાય,
હૈયાં રેલાય મારી ગોરસી ભરાય.
હૈયાના સૂર મહીં પ્રીતિના તાર છે
આંખોના તાર મહીં જાદુના ભાર છે.
ચુંદડી ભીંજાય આછું અંગ આ દેખાય—હૈયાં.
મોંઘા મૂલી મારી મીઠી આ ગોરસી.
પ્રેમે મઢાઈ જાણે જીવનની આરસી.
મહીડાં પીવાય મારૂં મનડું મલકાય—હૈયાં.

અંક બીજો.

ચેસુબાઇ— ૧૧

સંદેશ આ દેજો દિલના
પ્રભુ પાળો પ્રજાને પ્રીતિથી
રંગ છાંડો રાગના સુખ દેવા પ્રેમનાં—સંદેશ.
વરસે મેઘ જો રાજ કૃપાના,
ઝરણ ઝરે ત્યાં સુખ દાતા.
નવ પલ્લવ અંગ બને સૌરાજનાં,
દુઃખ જાયે ઉરનાં—સંદેશ.

બાળાઓ— ૧૨

બનોઈ થોરી પઘડીમેં હલકા તોરા લટકે. હાં હલકા.
મોરી આંખોકા ઈશારે તોરા પાઉં કેસા લથડે. હાં તોરા.

વિજળી—

ભુલ ગયો તું નાથ કેસો એસો હાથ લગાયો,
ઘુંઘટ મેરો ખેંચ લીયોને મુંસે મુંથેં લગાયો. હાં મુંસે.
—બનોઈ.

વિજળી— ૧૩

નરનારી રમે રાસ રસીયા એવો અમારો દેશ મારવાડી.
ઉડે ગુલાલ ખુબ રંગમાં રે—એવો.
ઠુમક ઠુમક નારી ચાલ ચાલે છે હાથ તણા લટકા કરતી.
એક આંખ વડે એ વિશ્વ નચાવે.—એવો.

સુદર્શન—

નયન નમાવી જાય મંદ ગતિએ રસભર સુંદરી શરમાતી,
રસિલી રસોઈ પીરસે પતિને એવો અમારો દેશ ગુજરાતી.

નાચનારી— ૧૪

પ્રેમ પ્યાલી ઢળે તુજ નયનનથી
પિયુ અંગ ભીનું બને એ રસથી—પ્રેમ.
નેન મીંચાયે નજર કરો ના,
કંપે હૃદય ના અંગ અડો,
પયોધર આ કંચુકી પીડે,
લાજું હું તમથી—પ્રેમ.
બોલો નહીં મુખ અંગ ધ્રુજે છે વસ્ત્ર તણું નવ ભાન રહે
એથી બીજું શું મુખે વદું ધીર ગઇ દીલથી—પ્રેમ.

તારા— ૧૫

ખીલી નુતન વાડી વરણી ન જાયે.
શુક સારિકા વળી કોયલ ગાયે—ખીલી.
પુષ્પની પાંદડીએ સખી શોભે મનમથ,
વાયુ મલયના વાયે આ દીલ વીંધાયે.—ખીલી.

સખીઓ— ૧૬

હો........મરમાળાં પ્રથમ વચન મુખ બોલો.
પલપલ ઢાંકો પયોધર લુગડે હસતાં નયન નચાવો—હો.
પ્રીતમ પાસે આવે ત્યારે છણકો કરી ખસી જઈએ,
કરી સાન મુખે હસી દઇએ લચકાતાં લપટી જઇએ—હો.
મુખડું મરડી કાલું બોલી કામણગારાં થઇએ,
કર નાખી ગળે હસી દઈએ ચુમી એક મીઠી મુખ દઇએ-હો.

તારા— ૧૭

જ્યારે હૈયાનાં નાવ ખુબ ડોલે
અંતરના ઝુલા ઝુલે, ત્યાં સાચી એ પ્રેમની નીશાની—જ્યારે.
નયનોનાં તેજ ખુબ ચમકે રોમાંચ અંગે થાયે,
ને મંદ પાદ લથડે ને છાતી જેમ ધડકે. ત્યાં સાચી—જ્યારે.

સાખી

વિજળીના ચમકારમાં, અંતરનાં તોફાન,
વરસે વર્ષા પ્રેમની, વાજે મદન નિશાન.

ભાવોની ધુન એક જાગે, કંઇ તાર ધીમા ઝંઝણે,
ને મંદ સ્મિત ફરકે,ને નેન આછાં ચમકે. ત્યાં સાચી—જ્યારે.

અંક ૩ જો.

યેસુબાઇ— ૧૮

કોને કહું દિલની આ પ્રભુ ! જીવન વ્યર્થ થયું આ વિભુ-કોને.
ધ્યાન ધર્યું ના અન્ય જનોનું સ્વામી ઓ સ્વામી રટી હું,
પ્રેમની અંજલિ સ્વામી દેવા જાગી રાતડી જાગી પ્રભુ !—કોને.
ચરણ તમારે પ્રાણ આ અરપી દરસન આશે રહી હું,
કહું આત્મકથા મુજની શી બીજી તમ જીવનમાં જીવું પ્રભુ !

યેસુબાઇ— ૧૯

ફરીએ પ્રણય પ્રભાના તટમાં,
જ્યોતિ તેજે સુહૃદય ભરાય —ફરીએ.
રત્ન દીપ સમ નયનો ભાસે
પ્રેમી હૃદયે હૃદય ગુંથાયે,
અપ્રતિમ એવાં સંગિત ગુંજીએ.—ફરીએ.

તારા— ૨૦

ગોરસ સખી કોણ પીયે. દિલને રીઝાવે.—ગોરસ.
કોઇ આવો મહી છલકાયે રેલાયે
અમી ધારા ભૂલાવે. —ગોરસ.

સાખી

પીનારાના મુખડાં મલક મલક મલકાય,
ઠંડા દીલ સહુ થાય જ્યાં પ્યાલી એક પીવાય
એક પીયો મહી ભરી પ્યાલી રસાળી.
દુઃખ ભાન ભૂલાવે —ગોરસ.

તારા–માખણમાં કાં મનડું મોહ્યું હો રઢીઆળા !

રાજા–પ્રેમલ બંસી મુખડે તારે વાગી હો બાળા!-માખણમાં.

તારા–સીંકે મેં આ ગોરસ મુક્યું વ્હાલા એહ ઉતારો.

ટોળે બીજા વાનર લાવી સાથે એની આવો.

રાજા–માખણ મારા મુખમાં મુકો એ મુજને બહુ ભાવે

રસીયા હાથે રસીયું લાગે હૈયે હાશજ થાયે

તારા–પીઓ ગોરસ રસીયા વ્હાલા !

રાજા–લાવો ઓ બાળા—માખણમાં.

વિજળી— ૨૨

હાં ચાલો જઇએ નદીના કોઇ તીરે

મીઠી જયાં લ્હેર આવે ત્યાં પ્રેમકથા લખીએ

—હાં ચાલો.

સુદર્શન–શું લખશો ?

વિજળી–નાની હું નાર હતી પ્રેમે અજાણ બાળા,

વ્હાલા ને વ્હાલીના જાણું ના કાંઇ લ્હાવા.

આવા ધુતારે ફસાવી લોભાવી ઘેલી કીધી

એવું લખીએ ? —હાં ચાલો.

સુદર્શન–ના, ના; એવું મા લખ.

વિજળી–તો કેવું લખું ?